બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવેશ - ૧

(સમય : સવારે ૯ થી ૧૧.૧૫) (રવિવાર, ૨ માર્ચ, ૨૦૧૪)

**નોંધ :-(૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.**

**(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(૩) જમણી બાજુએ પ્રશ્નની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.**

**☞ અગત્યની સૂચના ☜**

**પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ [ ] ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.**

**☞ વિશેષ નોંધ ☜**

**આપ જ્યારે પેપર તપાસો ત્યારે જ્યારે લાંબા જવાબોમાં દા. ત. ટૂંકનોંધ, પાંચ મુદ્દાના વાક્યો, કારણો વગેરે પ્રશ્નોમાં આપ જ્યારે ફાળવેલા ગુણ કરતાં ઓછા ગુણ આપતાં હોવ ત્યારે પરીક્ષાર્થીએ કયો મુદ્દો નથી લખ્યો જેના તમે ગુણ કાપ્યા છે. તેની તમે ટૂંકમાં ડાબી બાજુ ઉપર નોંધ લખો. દા.ત. માર્ચ-૨૦૧૩માં પ્રવેશ-૧ માં 'જોબનપગીનું પરિવર્તન' ટૂંકનોંધ પૂછાઈ હતી. જેમાં જોબનપગી પ્રાર્થના કરતાં પોતાના દોષનું વર્ણન કરતાં કહે છે. 'પ્રભુ ! હું કુળહીન, કુટિલ, કુપાત્ર, બુદ્ધિહીન છું. મેં આપને ન ઓળખ્યા. દીનબંધુ ! દયા કરો. મારું મહાપાપ મટાડો.' આ મુદ્દો પરીક્ષાર્થીએ નથી લખ્યો તો બાજુમાં તમે લખી શકો કે 'પોતાના દોષ કહે છે.' આટલું જ લખવાનું છે અને તમે ગુણ ઓછા આપી શકો છો એટલે કે ફાળવેલ ગુણ કરતાં ઓછા ગુણ આપતાં પહેલાં બાજુમાં કયો મુદ્દો નથી તેની ટૂંકમાં નોંધ લખવી જરૂરી છે.**

**(વિભાગ - ૧ : નીલકંઠ ચરિત્ર, અઢારમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૧૧)**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ , કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''તમે મારી મૂર્તિ હૃદયમાં રાખશો તો હું સદા તમારી સમીપ છું.'' (૧૯/૩૪) ➩ નીલકંઠવર્ણી - સિદ્ધવલ્લભ રાજાને

➩ રાજાને પોતાના દિવ્ય સ્વરૂપનો નિશ્ચય કરાવી નીલકંઠવર્ણીએ જ્યારે વિદાય લીધી ત્યારે રાજાને અતિશય દુઃખ થયું. ત્યારે

૨. ''આ મૂર્તિઓ ભવિષ્યમાં અહીં થનારા ભવ્ય મંદિરમાં બિરાજશે.'' (૩૬/૭૦) ➩ નીલકંઠવર્ણી - બાવાજીને

➩ બોચાસણમાં સંધ્યાકાળે રામજી મંદિરમાં રામ, લક્ષ્મણ અને સીતાજીની મૂર્તિઓની આરતી ઉતારી પછી બાવાજીને અગમવાણી ઉચ્ચારતાં કહ્યું.

૩. ''ભગવાન જરૂર દાણા પૂરશે. તારા ઘરમાં દુકાળ નહિ દેખાય.'' (૩૮/૭૩) ➩ નીલકંઠ વર્ણી - લાખા કોળીને

➩ લાખાએ મારેલાં માછલાંને જોઈને વર્ણી માછલા મારવાનું કારણ પૂછે છે. ત્યારે લાખો કારમા દુકાળને લીધે ખાવાના ફાંફાં પડ્યાં એટલે આ ધંધો કરવો પડ્યો તેવું જણાવે છે. ત્યારે વર્ણી કહે છે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. પિબૈકનું સંપૂર્ણ પરિવર્તન થઈ ગયું. (૨૦/૩૬-૩૭)

જ. પિબૈકે બટુકવીર અને કાળભૈરવને નીલકંઠવર્ણી તરફ મોકલ્યા પણ તેઓ ત્યાં ન જતાં ઉલટાનો પિબૈકને ત્રિશૂળથી મારીને જમીન પર પછાડ્યો પછી પિબૈકે હનુમાનજીની આરાધના કરી તેથી હનુમાજીએ આવીને નીલકંઠ વર્ણીને નમસ્કાર કરીને પિબૈકને ખૂબ માર માર્યો અને તે પૃથ્વી પર બેભાન થઈને પડ્યો. તેના શિષ્યો તેમજ સગાંઓએ તેને બેઠો કરવા નીલકંઠવર્ણીને પ્રાર્થના કરી. નીલકંઠવર્ણીને તેની દયા આવી. તેમણે તેની સામે દૃષ્ટિ કરી. પિબૈક જાગીને માફી માગવા લાગ્યો અને નીલકંઠવર્ણીના ચરણોમાં આળોટવા લાગ્યો. તેનું સંપૂર્ણ પરિવર્તન થઈ ગયું.

૨. સત્રધર્મા રાજાએ મહંત પાસે શાલિગ્રામ માગ્યા. (૨૮/૫૦-૫૧)

જ. સત્રધર્મા રાજા તેની રાણીને લઈને રોજ નીલકંઠવર્ણીનો ઉપદેશ સાંભળવા આવવા લાગ્યા હતા. એક દિવસ નીલકંઠવર્ણીએ વિષ્ણુ અને શાલિગ્રામની પૂજાનું માહાત્મ્ય કહ્યું. આથી રાજાને શાલિગ્રામ મેળવવાની ઈચ્છા થઈ. તેથી સત્રધર્મા રાજાએ મહંત પાસે શાલિગ્રામ માગ્યા.

૩. લાલજી સુથાર ગુરુ રામાનંદ સ્વામી પાસે કચ્છ ગયા. (૫૧/૧૦૨)

જ. મયારામ ભટ્ટે રામાનંદ સ્વામીની આજ્ઞાથી લોજમાં આવેલા વર્ણીનો મહિમા કહી ત્યાં દર્શને જવાની વાત કરી. ત્યારે લાલજી સુથારને શંકા જતાં તેઓ લોજને બદલે કચ્છમાં રામાનંદ સ્વામી પાસે ગયા.

**પ્ર.૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

**૧. રામાનંદ સ્વામી સાથે મિલન (૫૨/૧૦૩-૧૦૫)** નીલકંઠ વર્ણીને લોજમાં આવ્યે નવ માસ થઈ ગયા. છતાં રામાનંદ સ્વામી સાથે મિલન થયું નહિ. મુક્તાનંદ સ્વામી તેમને ધીરજ આપતા. એક દિવસ મુક્તાનંદ સ્વામી ધ્યાનમાં બેઠા ત્યારે વર્ણી તેમની સામે બેસી ગયા. મુક્તાનંદ સ્વામીને ધ્યાનમાં રામાનંદ સ્વામીનાં દર્શન થતાં હતાં. સરજૂદાસે યોગશક્તિથી મુક્તાનંદ સ્વામીની વૃત્તિ સાથે પોતાની વૃત્તિ જોડી દીધી અને રામાનંદ સ્વામીના દર્શન કર્યા. સ્વામી ધ્યાનમાંથી જાગ્યા ત્યારે વર્ણીએ રામાનંદ સ્વામીનું વર્ણન કર્યું. સૌ આશ્ચર્યમુગ્ધ થઈ ગયા. જેઠ વદ ૧૦મીની સાંજે પીપલાણાથી કુરજી દવે સંદેશો લાવ્યા કે રામાનંદ સ્વામી પીપલાણા આવી રહ્યા છે. વર્ણી અને સર્વે સંતોને ત્યાં તેડાવે છે. આ સમાચાર મળતાં મુક્તાનંદ સ્વામીએ કુરજી દવેને પોતાને માથે બાંધવાનો રૂમાલ ભેટ આપ્યો. બીજા સાધુઓએ પણ પોતાની પાસે જે જે હતું તે તેમને ભેટ આપ્યું. બધાએ આપ્યું તેવું કાંઈ વર્ણી પાસે આપવા જેવું ન હતું. તેથી તેમણે કહ્યું :'હું તમને મારું અક્ષરધામ બક્ષિસ આપીશ.' દવે કાંઈ સમજ્યા નહિ. તેથી વર્ણીએ ફરી કહ્યું : 'દવે ! જે કોઈ ન આપી શકે એવું પરાત્પર અક્ષરધામ હું તમને આપીશ.' પીપલાણા જતાં રસ્તે વર્ણી થાકી ગયા. ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : 'આમ કરશો તો ક્યારે પહોંચાશે ? પીપલાણા તો હજી ઘણું છેટું છે માટે યોગધારણા કરો.' વર્ણીએ યોગશક્તિ ધારણ કરી ચાલવા લાગ્યા તે સૌથી પહેલાં ઓઝત નદીને કાંઠે પહોંચી ગયા. ઓઝતમાં હાથી તણાઈ જાય એવું જબરજસ્ત પૂર આવેલું પણ વર્ણી તો તેના ઉપર યોગશક્તિથી સડસડાટ ચાલીને સામે કાંઠે પહોંચી પૂજાપાઠ કરીને તૈયાર થઈ ગયા. બીજા બધા પૂર ઉતરતાં તરાપા ઉપર બેસી સામે કાંઠે આવ્યા. મુક્તાનંદ સ્વામી વર્ણી અને બીજા સંતો ગામમાં દાખલ થયા. આ સમાચાર પીપલાણાના નરસિંહ મહેતાને ઘેર બિરાજતા રામાનંદ સ્વામીને મળ્યા. આ.સં.૧૮૫૬ના જેઠ વદ બારસનો એ દિવસ હતો. રામાનંદ સ્વામીને જોતાં જ નીલકંઠવર્ણી દૂરથી દંડવત્ કરવા લાગ્યા. રામાનંદ સ્વામીએ દોડીને તેમને છાતીસરસા ચાંપ્યા ને મુક્તાનંદ સ્વામીને કહ્યું: જેને માટે આપણે ગામેગામ સદાવ્રતો કરી રાખ્યાં હતાં, તે જ આ વર્ણીરાજ છે. હું કેટલા વખતથી તેમની રાહ જોતો હતો.' આમ ખૂબ મહિમા કહ્યો ત્યારે એક સાધુએ પૂછ્યું : 'આપ વારંવાર કહેતા હતા કે ખેલના ભજવનારા તો હજુ હવે આવશે, તે જ આ વર્ણી?' આ સાંભળી સ્વામીએ કહ્યું : 'હા એ જ આ ! તમારાં સદ્ભાગ્ય છે કે તમોને આજે મળ્યા. જ્યારે યથાર્થ ઓળખાશે ત્યારે આનંદનો પાર નહિ રહે.

**૨. પોતાની વાણીને શાપ (૯/૧૫-૧૬)** બાંસી શહેરમાં આવેલા નીલકંઠવર્ણી એક દિવસ નદીમાં સ્નાન કરીને ઉદ્યાનમાં ધ્યાન કરવા પધાર્યા તેવામાં બગીચામાં રાજાના નોકરોની ગોળીથી ઘાયલ થયેલ પક્ષીઓનું જોડું તરફડતું ઝાડ પરથી નીચે પડ્યું. તેમની દયામણી આંખો નીલકંઠ પ્રત્યે મંડાઈ નીલકંઠની આંખમાં આંખ પરોવીને તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું. વર્ણીએ તેમને દિવ્ય ગતિ આપી. રાજાના નોકરોના આવા વર્તનથી વર્ણીને દુઃખ થયું. તે દિવસે તેમણે ઉપવાસ કર્યો. તેઓ બાંસી શહેરમાં પાછા ગયા જ નહિ. અચાનક મધ્યરાત્રિએ નીલકંઠ જાગી ગયા. તેમને મનમાં સહેજે સંકલ્પ થયો કે 'બળ્યું આ શહેર, ચાલો ચાલી નીકળીએ!' તરત જ વર્ણીએ વૃત્તિ પાછી વાળી વિચાર કર્યો : 'ક્ષમાવાન સાધુની આ રીત નથી. આપણે કોઈનું ભૂંડું થાય તેવો સંકલ્પ પણ ન કરવો.' પરંતુ નીલકંઠના સહેજે થઈ ગયેલ પહેલા સંકલ્પમાં જ બાંસી શહેર બળવા લાગ્યું. અગ્નિદેવે તો અંતરિક્ષમાંથી નીલકંઠના સંકલ્પ મુજબ શહેરને ચેતાવી દીધું. રાજદ્વારથી જ શહેર બળવાની શરૂઆત થઈ. રાજા-રાણી અને બધાં પ્રજાજનો શહેરમાંથી બહાર નીકળવાં લાગ્યાં. આ જોતાં વર્ણીના અંતરમાં કરુણા ઉભરાઈ આવી. બળતા શહેરને દેખીને નીલકંઠ તરત જ નદીના જળમાં કૂદી પડ્યા. તરત જ શહેરની આગ ઓલવાઈ ગઈ. સૌ બચી ગયા. ફક્ત પેલા બે નોકરો જ બળી મર્યા. આવો બનાવ બન્યો તેથી નીલકંઠે નદીના જળમાં ઊભા ઊભા જમણા હાથમાં પાણીની અંજલિ લઈ, સંકલ્પ કરી, પોતાની વાણીને શાપ આપ્યો કે 'હવે ક્યારેય ભૂલથી પણ આવો મલિન ઘાટ અમારાથી થઈ જાય તો તે નિષ્ફળ થાઓ. આવા પ્રસંગે અમારી વાણી નિષ્ફળ જાઓ!'

**૩. નીલકંઠવર્ણીનો પુનઃ મેળાપ (૨૬/૪૭-૪૮)** જયરામદાસના ગામમાંથી નીકળી નીલકંઠવર્ણી જગન્નાથપુરીની દિશામાં જતા હતા. વીસ દિવસના રઝળપાટ પછી જયરામદાસને નીલકંઠવર્ણી દેખાતા 'ઓ નીલકંઠવર્ણી ....' બૂમો મારતો નીલકંઠવર્ણીની પાસે આવી તેમના ચરણોમાં પડી વિનંતી કરવા લાગ્યો. 'કૃપાળુ, અમારી ભૂલ માફ કરો. મારે ઘરે પાછા ચાલો. મારાં મા-બાપ કલ્પાંત કરે છે. તેમને ખાવાપીવાનું ભાવતું નથી. ગામ આખું ઉદાસ થઈ ગયું છે. કૃષ્ણ તંબોળી તો ગાંડા જેવાં થઈ ગયાં છે. હવે હું તમને નહિ મૂકું.' નીલકંઠવર્ણીએ તેને શાંત પાડી, ઘણો ઉપદેશ આપી કહ્યું : 'જયરામ ! તું અમારી સાથે ચાલ. આપણે અહીંથી જગન્નાથપુરીની જાત્રાએ જવું છે.' જયરામદાસને સંબંધીમાં ખૂબ પ્રેમ હતો તેથી તે શરૂઆતમાં તો આનાકાની કરવા લાગ્યો. પણ નીલકંઠવર્ણીની મરજી જોઈને જગન્નાથપુરી આવવા તૈયાર થયો. ઘોર વનમાં જયરામદાસને નીલકંઠવર્ણીના અનેક દિવ્ય અનુભવો થયા. નાવ દ્વારા ખાડી ઓળંગીને નીલકંઠવર્ણી ભૂવનેશ્વર ગયા. ત્યાં ભૂવનેશ્વર મહાદેવનાં દર્શન કરી ત્રણ દિવસ પછી જનકપુર ગયા.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબના ગુણ આપવા નહીં.**

૧. કાંચીપુરમ જતાં વાટમાં નીલકંઠવર્ણીએ કોની સેવા કરી ? (૩૦/૫૫)

જ. કાંચીપુરમ જતાં વાટમાં નીલકંઠવર્ણીએ સેવકરામની સેવા કરી.

૨. નીલકંઠવર્ણીની સાથે શીલ ગામે કોણ ગયું ? (૪૯/૯૭)

જ. નીલકંઠવર્ણીની સાથે શીલ ગામે દેવા ભક્ત ગયા.

૩. નીલકંઠવર્ણીએ લખુડોશીને કઈ સર્વશ્રેષ્ઠ વસ્તુ આપી ? (૪૧/૮૧)

જ. નીલકંઠવર્ણીએ લખુડોશીને સર્વશ્રેષ્ઠ વસ્તુ અક્ષરધામની બક્ષિસ આપી.

૪. નીલંકઠવર્ણી લોજમાં ભિક્ષા માંગતી વખતે શું બોલતા ? (૪૯/૯૬)

જ. નીલંકઠવર્ણી લોજમાં ભિક્ષા માંગતી વખતે 'રામકૃષ્ણ ધૂની ધૂની, રામકૃષ્ણ ધૂની ધૂની,' એમ બોલતા.

૫. નીલકંઠવર્ણીએ કેટલો સમય વનવિચરણ કર્યું ? (વર્ષ, માસ, દિવસ) (૪૪/૮૮)

જ. નીલકંઠવર્ણીએ સાત વર્ષ, એક માસ, અગિયાર દિવસ સુધી વનવિચરણ કર્યું.

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૨, ૩, ૪ (૨૨/૪૦) **૨.** ૨ (૨૭/૪૮)

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)** **☞ નોંધ : બંને જવાબ સાચા હોય તો જ ગુણ આપવા.**

**૧.** ઝરખે, નીલકંઠ (૪/૮) **૨.** ચાંલ્લો, ગાય (૫૫/૧૧૨) **૩.** જાનબાઈ, દૂધ (૩૯/૭૬) **૪.** દસ, પૂજારીનાં (૨૭/૫૦)

**(વિભાગ - ૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૧, બારમી આવૃત્તિ - એપ્રિલ , ૨૦૧૧)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''તીખાં ક્યાંથી આવ્યાં ?'' (૪/૨૮) ➩ ઝીણાભાઈ - અદીબાને (બહેનને)

➩ કમળશીભાઈને દુખાવો ઊપડ્યો ત્યારે અદીબાએ કહ્યું હતું કે 'ઘરમાં તીખાં નથી.' ને ઝીણાભાઈને માથાનો દુખાવો ઊપડ્યો એટલે અદીબા તીખાં વાટીને લાવ્યાં. માટે ઝીણાભાઈએ પૂછ્યું કે ''તીખાં ક્યાંથી આવ્યાં ?''

૨. ''કલ્યાણ જોઈતું હોય તો સ્વામિનારાયણ ભગવાનનો આશરો કરો.'' (૮/૫૩) ➩ રણછોડરાય - આશાભાઈને

➩ આશાભાઈ દર પૂનમે ડાકોર રણછોડરાયનાં દર્શને જતા. ત્યાં કેટલુંક ધર્મ વિરુદ્ધ આચરણ જોઈ પોતે ઘણીવાર મનમાં ક્ષોભ પામતા. ત્યારે એક રાત્રે રણછોડરાયે સ્વપ્નમાં દર્શન દઈને કહ્યું.

૩. ''આજ તો સુખડીનું દાતણ કરો.'' (૩/૧૯) ➩ મહારાજ - શુકમુનિને

➩ શુકમુનિ મહારાજનો પત્ર લખવા રોકાઈ રહ્યા અને નાહવાનું બાકી હતું. બધા સંતો નાહીને વહેલા પરવારી ગયા હતા. તેથી હવે જોડમાં કોણ આવશે તેની મૂંઝવણ થઈ. તેમની મૂંઝવણ પારખીને બારશના પારણાં કરવાના હતાં તેથી મહારાજે કહ્યું.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

૧. લાડુદાનજીના કુટુંબીજનો ગઢપુર આવ્યાં. (૧/૩)

જ. લાડુબા અને જીવુબાની દિવ્ય વાણીથી લાડુદાનજીને અંતરમાં ચોટ લાગવાથી મહારાજ પાસે આવી વસ્ત્રાભૂષણો ઉતારી દીધાં અને સાધુ બનાવવા વિનંતી કરતાં મહારાજે તેમને દીક્ષા આપી શ્રીરંગદાસ નામ પાડ્યું. તેમના મામાએ ખાણ ગામમાં જઈને કુટુંબીઓને ગઢપુરમાં બનેલી વાત કહી. તેથી લાડુદાનજીને સમજાવવા સર્વ કુટુંબીજનો ગઢપુર આવ્યાં.

૨. જેઠાભગતે ભગવાં વસ્ત્ર ધારણ કર્યાં. (૭/૪૭)

જ. જેઠાભાઈને ભગવા પહેરવાનો ઉપદેશ આપવાની કોઈપણ હિંમત ન કરે.પણ સ્વામીશ્રીએ કહ્યું : 'તમારી બુદ્ધિ, જ્ઞાન અને કાર્યશક્તિ ભગવામાં દીપશે. ધોળામાં નહિ દીપે ! એટલા શબ્દોથી તેમને ચોટ લાગી ગઈ અને તેમણે દીક્ષા લીધી.

**પ્ર.૯** 'ખૈયા ખત્રી સાથે શાસ્ત્રચર્ચા' (૧/૫-૬) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

શ્રીજીમહારાજ સંતો-હરિભક્તો સાથે કચ્છમાં પધાર્યા. માંડવીમાં પ્રખર વેદાંતી ખૈયો ખત્રી રહેતો હતો. મહારાજ સાથે તેણે શાસ્ત્રચર્ચા કરવાની ઇચ્છા જણાવી. મહારાજે બ્રહ્માનંદ સ્વામીને શીખવાડ્યું કે 'ખૈયો આવે ત્યારે તમારે મારી ગાદી ઉપર બેસવું અને હું નીચે બેસીશ. ખૈયો પ્રશ્ન પૂછે ત્યારે તમારે કહેવું તેનો જવાબ મારા શિષ્ય કરશે. સ્વામીને આ વાત અનુચિત લાગી પણ મહારાજની આજ્ઞા આગળ લાચાર હતા. ખૈયો શિષ્યો સાથે આવ્યો ત્યારે બ્રહ્માનંદ સ્વામી ગાદી ઉપર બેઠેલા હતા. ખૈયાએ બ્રહ્માનંદ સ્વામીને જ સ્વામિનારાયણ ભગવાન જાણીને પ્રશ્નો પૂછયા ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને બતાવીને કહ્યું તેનો ઉત્તર અમારા આ શિષ્ય કરશે. મહારાજે તેના પ્રશ્નોના સચોટ ઉત્તર કર્યાં. તેથી સ્તબ્ધ થઈ ગયેલા ખૈયાને શંકા થઈ કે આ બેમાં સ્વામિનારાયણ કોણ ? ત્યારે ખૈયાની માએ દૂર બેઠા કહ્યું 'આ નાનો સાધુ બ્રહ્મ છે ને ઉપર બેઠો છે એ ઢગો બ્રહ્મ છે.' તે સમયે બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને ગાદી પર બેસાડ્યા અને પોતે નીચે બેઠા. ખૈયાની ભ્રાંતિ દૂર થઈ અને તે મહારાજનો આશ્રિત થયો.

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)** **☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. ઉઘાડી તલવારે ઓરડામાં પ્રવેશ કરતાં દરબાર એભલખાચરે જીવુબાને શું કહ્યું ? (૬/૩૯)

જ. 'કુળને કલંક લગાડનારી મોટી ભક્તાણી બની છે ! દરબારમાં બાવાને સંતાડ્યો છે ! ક્યાં છે ? બોલ.' કહેતાં ઉઘાડી તલવારે દરબાર એભલખાચરે ઓરડામાં પ્રવેશ કર્યો.

૨. કોના ઘરે શ્રીજીમહારાજ ગાડાની ધૂંસરી ઉપર બેસી થૂલી અને દૂધ જમ્યા ? (૨/૧૩)

જ. રયા ખટાણના ઘરે શ્રીજીમહારાજ ગાડાની ધૂંસરી ઉપર બેસી થૂલી અને દૂધ જમ્યા.

૩. જોબનપગીના ભાઈઓનાં નામ જણાવો. (૫/૩૧)

જ. સુંદર પગી, શકરો પગી અને દલો પગી જોબનપગીના ભાઈઓ હતા.

૪. નિર્ગુણસ્વામીએ અંતિમ સમયે શાસ્ત્રીજી મહારાજને શું પ્રાર્થના કરી ? (૭/૫૧)

જ. 'કંઈ અપરાધ થયો હોય, આપની રુચિ બરાબર ન જાળવી શક્યો હોઉં, તો ક્ષમા કરજો. હવે ધામમાં લઈ જાઓ.

**પ્ર.૧૧ નીચે આપેલ વિષય માટે સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : નિઃસ્પૃહી નિર્ગુણસ્વામી (૭/૫૦-૫૧)**

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | ૧ | ૪ | ૫ | ૮ | ૯ | ૧૨ |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | ૯ | ૫ | ૪ | ૧૨ | ૮ | ૧ |

**નોંધ : (૧) ફક્ત સાચા નંબરો : જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ તમામ અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવો. (૨) યથાર્થ ઘટનાક્રમ : ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચું ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવો .**

**પ્ર.૧૨ નીચે આપેલા ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **ભક્તરાજ જોબન પગી :** આ બાલજોગી દેશાવરમાં ફરીને ઉમરેઠ થઈને અહીં આવ્યા છે. જોબન પગીએ ભોજન લેવા વિનંતી કરી. (૫/૩૧)

૨. **સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી :** માતા લાલુબા અને પિતા શંભુદાનજીને પણ સ્વપ્નમાં પ્રભુએ પ્રેરણા આપી. તેઓ રાજાના વિચારમાં સંમત થયા. (૧/૧)

૩. **સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી :** તે સમયમાં મહારાજના કેટલાક પરમહંસો ડભાણના એક વિદ્વાન શાસ્ત્રી પાસે વિદ્યાભ્યાસ કરતા હતા. સત્સંગ પ્રત્યેની અભિરુચિને કારણે વિપ્ર જગન્નાથને આ સંતોનો યોગ થયો. (૩/૧૭)

૪. **સ્વામી યજ્ઞપ્રિયદાસજી :** શ્રીજીના પદારવિંદથી અંકિત થયેલી પ્રસાદીની એ સાધુની ધર્મશાળા હતી. સાંકડી જગ્યામાં પણ ભક્તોની ભીડ જોઈ આશાભાઈને આશ્ચર્ય થયું. (૮/૫૩)

**(વિભાગ - ૩ : નિબંધ)**

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નિબંધ એ મૌલિક વિષય છે, તેમાં આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે. પરીક્ષાર્થીએ વિષયને અનુરૂપ આ ઉપરાંત પણ બીજા પ્રસંગો લખ્યા હોય તો તે પણ માન્ય રાખી ગુણ આપવાં.**

૧. **યુવાનોના આદર્શ : પ્રમુખસ્વામી મહારાજ : (૧)** સામાન્ય રીતે યુવાનોનો આદર્શ એ યુવાન વ્યક્તિ હોય. પરંતુ પ્રમુખસ્વામી મહારાજની તો વાત જ નિરાળી - તેઓ હજારો, લાખો યુવાનોના આદર્શ છે. કઈ રીતે ? શા માટે આ કળિયુગના દુરાચારી, તેમ જ ભ્રષ્ટ વાતાવરણમાં પણ યુવાનો તેમને ચાહે છે, તેમને આદર્શ ગણે છે. આ માટેનાં કારણો આ રહ્યાં. **(૨)** સ્વામીશ્રીની ધર્મ-નિયમમાં દૃઢતા સેંકડો યુવાનોને ધર્મનિષ્ઠાની દૃઢતાની પ્રેરણા કરે છે. (પ્રસંગો લખવા) યૌવન માટે સૌથી દુષ્કર નિયમ-પાલન હોય તો તે બ્રહ્મચર્ય છે. પરંતુ સ્વામીશ્રીના જીવનમાંથી પ્રેરણા મેળવીને યુવાનો નિષ્કામ શુદ્ધિમાં મોખરે રહે છે. (પ્રસંગો લખવા) **(૩)** સ્વામીશ્રીનું નિર્વ્યાજ વાત્સલ્ય : યુવાનો પર સ્વામીશ્રીનું અપ્રતિમ વાત્સલ્ય - યુવાનો સંસ્થાના પાયાના સ્તંભો - તેથી યુવાનો પર સ્નેહ વરસાવીને સત્સંગમાં આગળ વધવાની પ્રેરણા - યુવાનો અને યુવતીનાં મંડળો, અધિવેશનો, શિબિરો તેમજ અનેક કાર્યક્રમો દ્વારા યુવાનોના વિકાસ માટે સ્વામીશ્રી કટિબદ્ધ. (પ્રસંગો લખવા) **(૪)** આદર્શ ગુરુ તો છે જ પણ સાથે સાથે યુવાનો પર માતા જેવું વાત્સલ્ય વરસાવીને યુવાનોની માતા બન્યા છે. ક્યારેક પિતાનો સ્નેહ આપ્યો છે તો આદર્શ માર્ગદર્શક પણ બન્યા છે. અનેક યુવાનોને વ્યસનની નાગચૂડમાંથી ઉગાર્યા છે. યોગ્ય માર્ગદર્શન આપીને અભ્યાસ ક્ષેત્રે, આર્થિક ક્ષેત્રે તેમજ સામાજિક ક્ષેત્રે આદર્શ યુવાનોની એક સેના ખડી કરી દીધી છે. (પ્રસંગો) **(૫)** સ્વામીશ્રીની ક્ષમાશીલતા તથા ઉદારતા : સ્વામીશ્રી યુવાનોની અનેક ભૂલોને માફ કરે છે. અનેક યુવાનો સ્વામીશ્રી આગળ નિષ્કપટ થાય છે. સ્વામીશ્રીની ઉદારતા તથા ક્ષમાશીલતાના વિશાળ દરિયામાં યુવાનો ખૂબ આસાનીથી તરતા રહ્યા છે. (પ્રસંગો) **(૬)** જેમ સ્વામીશ્રી યુવાનો માટે વાત્સલ્ય વરસાવે છે તેમ યુવાનો પણ સ્વામીશ્રી પ્રત્યે અપ્રતિમ સ્નેહ બતાવે છે. - સ્વામીશ્રી તેઓના આદર્શ છે - સ્વામીશ્રી માટે શું ન થાય ? ધન, ધામ, કુટુંબ પરિવારનો ત્યાગ કરીને સ્વામીશ્રીની ભગવી સેનામાં અનેક યુવાનો જોડાયા છે. તે સિવાય અનેક યુવાનો

સંસારમાં રહીને સમર્પિત થઈને સંસ્થાનું કાર્ય કરે છે. (પ્રસંગો) (૭) સ્વામીશ્રી યુવાનોની સાથે યુવાન બનીને રમતો રમ્યા છે, રાસ રમ્યા છે. અનેક યુવાનોના સુખ-દુઃખમાં સંપૂર્ણ સહાનુભૂતિથી તેમની પડખે ઊભા રહ્યા છે. આવા વિરલ ગુરુ કેમ યુવાનોના આદર્શ ન હોય ? તેથી યુવાનો ગાય છે 'સો સો માથા સ્વામીને કુરબાન કરી દઈએ.' યુવાપ્રવૃત્તિની ષષ્ઠીપૂર્તિની ઊજવણી તે જ 'સ્વામીશ્રી યુવાનોના આદર્શનો અજોડ પુરાવો છે.' - ઉપસંહાર.

૨. **સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ : અવતારોનાં દર્શન (સ્વામિનારાયણ પ્રકાશ - એપ્રિલ - ૨૦૧૩, પા. નં. ૧૦ થી ૧૧) :** (૧) ભગવાન સ્વામિનારાયણના પ્રાગટ્યનો મુખ્ય હેતુ - પોતાની સર્વોપરી ઉપાસના પ્રવર્તાવીને અનેકનું કલ્યાણ કરવું. તેથી જ તેમણે પોતાનાં વચનો, કાર્ય અને ઐશ્વર્ય દ્વારા સર્વોપરી સ્વરૂપનો પરિચય કરાવ્યો છે. વિવિધ સંપ્રદાયોમાંથી આવતા મુમુક્ષુઓને પોતાના સ્વરૂપમાં તેઓનાં ઇષ્ટદેવનાં દર્શન કરાવ્યાં જેથી શ્રીજીમહારાજના સ્વરૂપની પ્રતીતિ થાય. (૨) આ માટે શ્રીજીમહારાજે ગઢપુરથી હરિભક્તો પર પત્રમાં લખ્યું 'ભક્તની રુચિ હોય તેવાં ધામ અને તેવી મૂર્તિનાં દર્શન હું તેને કરાવું છું.' (હરિચરિત્રામૃતસાગર ૧૫/૭૨) ભગવાનનું અસ્તિત્વ ન સ્વીકારનાર અથવા ભગવાનને ન માનનાર (નાસ્તિકો)ને પ્રતીતિ કરાવવા માટે જ શ્રીજીમહારાજે અવતારોનાં દર્શન અનેક મુમુક્ષુઓને કરાવ્યાં હતાં. હજારો મુમુક્ષુઓના સ્વાનુભવની આ સાબિતિ હતી. સગી આંખે સર્વેએ પોતાના ઇષ્ટદેવનાં દર્શન કર્યાં હતાં. (૩) નીલકંઠવર્ણી સ્વરૂપે ભગવાન સ્વામિનારાયણે અખિલ ભારતની પદયાત્રા કરીને ગુજરાતમાં પધાર્યા ત્યારે ઠેર ઠેર અનેક મુમુક્ષુઓને અવતારોનાં દર્શન કરાવ્યાં હતાં. આ રહ્યાં તેના સચોટ અને સાબિતિરૂપ, પ્રમાણરૂપ પ્રસંગો : **૧.** પ્રભાસક્ષેત્રના ભલકા તીર્થમાં એક વિપ્રને મુરલીમનોહર રૂપે નીલકંઠવર્ણીએ દર્શન દીધાં. **૨.** ગિરનાર ચઢતા ગૌમુખી ગંગા પાસે બાવાઓને વામન સ્વરૂપે દર્શન આપ્યાં. **૩.** ગિરનાર પર દત્તાત્રેયજીનાં દર્શન કરવાની ઇચ્છાવાળા તપસ્વીને ગુરુદત્તરૂપે દર્શન. **૪.** ગિરનારની તળેટીમાં હાટકેશ મંદિરે શીરો-પૂરી જમાડનાર નાગરને શિવજી સ્વરૂપે દર્શન. **૫.** લોજમાં જન્માષ્ટમીના ઉત્સવે આશ્રમવાસીઓને પારણે ઝૂલતાં બાલકૃષ્ણરૂપે દર્શન. (૪) ધર્મધૂરા ધારણ કર્યા બાદ સ્વામિનારાયણ ભગવાન તરીકે અનેકવાર વિવિધ અવતારોનાં દર્શન : **૧.** ગઢડાના ગામધણી એભલ ખાચરને ચતુર્ભુજ નારાયણની મૂર્તિનાં દર્શન પોતાનામાં કરાવ્યાં. **૨.** નીલકંઠ મહાદેવનાં દર્શન કરીને જ જમવાના નિયમવાળા એભલ ખાચરને મુશ્કેલ પરિસ્થિતિમાં દર્શન ન થયાં તેથી પોતે પોતાના સ્વરૂપમાં શંકર ભગવાનનાં દર્શન કરાવ્યાં. **૩.** ગઢડામાં બાવાઓની વિનંતીથી તેમને નૃસિંહરૂપે દર્શન. **૪.** દીનાનાથ ભટ્ટને નરનારાયણના રૂપે દર્શન. **૫.** કચ્છમાં ભચાઉનાં તુલસી રામાયણનાં અભ્યાસી લુહારને રામચંદ્રનાં દર્શન કરાવ્યાં. પરંતુ પોતે સર્વોપરી ભગવાન છે તે વાત પણ કરી. **૬.** મૂળીમાં માંડવરાયના મંદિરે મોતીગર બાવાને તથા ગરાસિયાને ચતુર્ભુજ કૃષ્ણરૂપે દર્શન. **૭.** કચ્છના વેદાંતી ખૈયા ખત્રીને તેના સંકલ્પ મુજબ સવાશેર જલેબી ખવડાવી. શ્રીહરિએ તેને પોતાના સ્વરૂપમાં ૬૦ અવતારનાં દર્શન કરાવ્યાં. (૫) શ્રીહરિએ અન્ય ધર્મીઓને પણ તેમનાં ઇષ્ટદેવનાં દર્શન કરાવ્યાં. કારિયાણીમાં બે જૈન સાધુઓમાંથી એકને ૨૪ તીર્થંકરોનાં જુદાં જુદાં દર્શન પોતાના સ્વરૂપમાં કરાવ્યાં. (૬) ભગવાન સ્વામિનારાયણનાં આવાં દિવ્ય ઐશ્વર્યોથી તેઓની હયાતીમાં જ લાખો હરિભક્તોને તેઓના સ્વરૂપમાં અસંખ્ય અવતારોનાં દર્શન - આવાં દર્શનથી જ શ્રીહરિ સર્વોપરી અને સર્વ અવતારના અવતારી છે તેવી પ્રતીતિ મુમુક્ષુઓને થાય છે. આમ, સર્વોપરી પરબ્રહ્મ સ્વરૂપે સ્વાનુભાવભરી દૃઢ પ્રતીતિ સાથે દર્શન એ જ શ્રીજીમહારાજના સર્વોપરીપણાનો દૃઢ પુરાવો. - ઉપસંહાર.

૩. **शीलं परं भूषणम् शीलं परं बलम् । - ચારિત્ર્ય એટલે શ્રેષ્ઠ ભૂષણ અને શ્રેષ્ઠ તાકાત :** (૧) શીલ એટલે ચારિત્ર્ય - મનુષ્ય ધન ગુમાવે તો તે અમુક સમય બાદ કદાચ પાછું મેળવી શકે છે પરંતુ ચારિત્ર્ય ગુમાવે તો તે સર્વસ્વ ગુમાવ્યા બરાબર છે. એક વાર ચારિત્ર્ય ગુમાવ્યા બાદ તેની કોઈપણ ક્ષેત્રે પ્રગતિ થતી નથી. (૨) શીલ એટલે કે ચારિત્ર્યને શ્રેષ્ઠ ભૂષણ એટલે કે શ્રેષ્ઠ આભૂષણ કહ્યું છે. ચારિત્ર્ય એટલે બ્રહ્મચર્યની સાથે નીતિ, પ્રામાણિકતાનો પણ તેમાં સમાવેશ થઈ જાય છે. ચારિત્ર્યવાન મનુષ્યની સમાજમાં ગણના - તેના પર અનેક લોકોને અતૂટ વિશ્વાસ - આ જ મોટું આભૂષણ - શીલવાન મનુષ્યનું પ્રમાણ સમાજમાં લેવાય - તેની શાખ સમાજમાં ઊંચી - તેની આબરુ પણ ઊંચી - શીલવાન મનુષ્યોના પ્રસંગો લખી શકાય. શીલ - ચારિત્ર્યને અનુરૂપ વિધાનો, કીર્તન, શ્લોક વગેરે લખી શકાય. (૩) શીલવંતા સાધુ, ગુરુ તેમજ ભગવાનના ભક્તોને આદર્શ ગણીને તેની કથાવાર્તા થાય, હનુમાનજી, લક્ષ્મણજી, સુરાખાચર, બ્રહ્માનંદ સ્વામી, ગુરુપરંપરામાં આપણા ગુરુની કથા-ચરિત્રોનું ગાન થાય - તેમના આ વિરલ ગુણના ગ્રંથો પણ લખાય - બ્રહ્મ-મૂહુર્તમાં આવા શીલવંત આવા ગુણ ધરાવતા ભક્તો, સંતો, વ્યક્તિઓનું સ્મરણ પણ અન્યને શીલવાન બનવાની પ્રેરણા આપે. (૪) સ્ત્રીઓ માટે પણ શીલ પરમ આભૂષણ. સીતાજી, તારામતી વગેરે સતીઓ પ્રાતઃ સ્મરણીય. જીવુબા, લાડુબા, રાજબાઈ વગેરે રજપૂતોની સ્ત્રીઓ પણ ચારિત્ર્યમાં પ્રથમ નંબર. શીલની રક્ષા માટે અગ્નિમાં હોમાઈ જાય. (પ્રસંગો) (૫) શીલ એ પરમ ભૂષણની સાથે સાથે શીલ એ પરમ બળ એટલે કે એવું બળ કે કોઈના હઠાવ્યા હઠે નહિ. આ બળ પણ સૌથી મોટું. ચારિત્ર્યવાન પુરુષ અથવા વ્યક્તિ સમાજમાં ઉન્નત મસ્તકે ફરી શકે. (પ્રસંગો) શારીરિક બળમાં પણ આવી વ્યક્તિઓ અજોડ. ભીષ્મ પિતામહ વગેરે ઉદાહરણો. આ સિવાય અનેક બળવાન યોદ્ધાઓના ઉદાહરણ આપી શકાય. - ઉપસંહાર.

❑ ❑ ❑